ગાંધીનગર સમાચાર Regd. No. GNR/65-G0

# જિલ્લામાં ૭૧.૩૭ ટકા મતદાન

**પાંચ બેઠકોના ૪૮ ઉમેદવારોના ભાવિ સીલ : ૨૦૧૨ની તુલનામાં ૩ ટકા મતદાનમાં ઘટાડો : સૌથી મોટો ઘટાડો માણસા બેઠક પર ૪.૩૮ ટકા જેટલો નોંધાયો : ૮ સ્થાનો પર ઈવીએમ ખોટકાયા**









ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર જિલ્લાની વિધાનસભાની પાંચ બેઠકો માટે આજે યોજાયેલ મતદાનમાં સરેરાશ મતદાન ૭૧.૧૪ ટકા થયુ છે. સૌથી વધુ મતદાન માણસા બેઠક પર ૭૫.૬૭ ટકા નોંધાયુ છે. જ્યારે સૌથી ઓછુ મતદાન ગાંધીનગર (ઉ) બેઠક પર ૬૫.૨૩ ટકા નોંધાયુ છે. પાંચ બેઠકોના ૪૮ ઉમેદવારોના ભાવિ આજે સિલ થઈ ગયા છે.

આજે થયેલ મતદાનને જોતાં ૨૦૧૨ની સામાન્ય ચૂંટણી કરતાં ૩ ટકાનો ઘટાડો જોવા મળ્યો છે. જો કે આ સરેરાશ મતદાનમાં એકાદ-બે ટકાનો ફેરફાર થવાની શક્યતાઓ છે.

આજે વહેલી સવારથી જ મતદારાઓ મતદાન માટે ભારે ઉત્સાહ બતાવ્યો હતો અને મતદાન મથકો પર લાઈનો જોવા મળતી હતી. શહેરી વિસ્તારો કરતાં ગ્રામીણ વિસ્તારમાં વધારે ઉત્સાહનું વાતાવરણ જોવા મળતુ હતુ.

જિલ્લામાં આજે મતદાન દરમ્યાન ૮ જેટલા સ્થાનોપર ઈવીએમ ખોટકાઈ જવા પામ્યા હતા પરંતુ તંત્રએ તાત્કાલિક અસરથી તે બદલી નાખ્યા હતા અને તેની કોઈ વિપરીત અસરો મતદાન પર થઈ ન હતી.

દિવસ દરમ્યાન ગાંધીનગર નજીક વાવોલ ગામે ફરજ બજાવતા એક હોમગાર્ડના જવાનને બપોરના ૨.૩૦ વાગ્યાના સુમારે ગભરામણ થતાં તેને તાત્કાલિક સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં લઈ આવવામાં આવ્યો હતો. આ પછી તેની તબિયત સુધારા પર હોવાનું જાણવા મળેલ છે.

આજે મતદાનમાં મહિલા અને યુવા મતદારોએ ભારે ઉત્સાહ દાખવ્યો હતો. આમ છતાં જિલ્લામાં મતદાનની સરેરાશ ૨૦૧૨ કરતાં ઘટવા પામી છે. ૨૦૧૨ની સામાન્ય ચૂંટણી દરમ્યાન ૭૪.૪૫ ટકા મતદાન નોંધાયુ હતુ.

જિલ્લાની પાંચેય બેઠક પર ૨૦૧૨ની તુલનામાં આ વખતે ઘટાડો જોવા મળી રહ્યો છે. સૌથી મોટો ઘટાડો ગાંધીનગર (ઉ) બેઠક પર જોવા મળ્યો છે. જે ૫.૦૯ ટકા જેટલો છે. જ્યારે સૌથી ઓછો ઘટાડો દહેગામ બેઠક પર જોવા મળ્યો છે. જે ૦.૯૮ ટકા જેટલો છે.

જિલ્લામાં આજે મતદાનના સમય દરમ્યાન સે. ૨૨ ખાતે છુટા હાથની મારામારીની ઘટના સામે આવી હતી પરંતુ પોલીસ બંદોબસ્ત સઘન બનાવી પરિસ્થિતિને થાળે પાડી દેવામાં આવી હતી.

આજે મતદાન શાંતિપૂર્ણ વાતાવરણમાં સંપન્ન થયુ હતુ. જિલ્લામાં કોઈજ અનિચ્છનીય ઘટના બની નથી. જો કે આ વખતે જિલ્લામાં ક્યાંય બોગસ મતદાનની ફરિયાદ ઉઠી નથી. ક્યાંક ક્યાંક મતદારયાદીમાં નામ ન હોવાની અથવા તો મતદાર દ્વારા ખોટી રજુઆતો કરવામાં આવતી હોવાની વાતો પણ ઉઠવા પામી હતી.

સે. ૨૨માં એક મતદારનું નામ મૃતક તરીકે દર્શાવાયાનું ધ્યાને આવતાં તંત્રએ તપાસ કરી તો તે ભાઈનું નામ સે. ૨ ખાતે બોલતુ હતુ તેથી ૨૨ના નામ પણ ડીલીટની નિશાની કરવામાં આવી હતી. આ ઉપરાંત સે. ૨૭માં એક નિવૃત્ત એલઆઈસી કર્મચારીને પોસ્ટલ બેલેટ મોકલવામાં આવ્યાનું પણ મતદાર યાદીમાં દર્શાવવાની વિગતો બહાર આવી હતી.

જિલ્લામાં આજે કોઈજ અનિચ્છનીય બનાવ ના બને તે માટે સ્થાનિક પોલીસની સાથે અર્ધલશ્કરી દળોના જવાનો અને એસઆરપીની ટીમોએ પણ ફરજ બજાવી હતી.

મતદાન સાંજે પાંચ વાગ્યે પૂર્ણ થયા પછી અર્ધો કલાક સુધી કેટલાક બુથો પર લાઈનો હોવાથી મતદાન ચાલુ રખાયુ હતુ. મોડી સાંજથી પોલીંગ સ્ટાફ પણ જે તે વિસ્તારના સ્ટ્રોંગરૂમ પર મતદાન માટે ઉપયોગમાં લેવાયેલ ઈવીએમ અને અન્ય સામગ્રી જમા કરાવવા માટે પહોંચી રહ્યો છે.

## જિલ્લામાં કઈ બેઠક પર કેટલુ મતદાન

| બેઠક | વર્ષ ૨૦૧૭ | વર્ષ ૨૦૧૨ | તફાવત |
|---|---|---|---|
| દહેગામ | ૭૨.૧૭ | ૭૩.૧૫ | -૦.૯૮ |
| ગાંધીનગર(દ) | ૬૯.૯૧ | ૭૨.૬૨ | -૨.૭૧ |
| ગાંધીનગર (ઉ) | ૬૭.૩૬ | ૭૧.૧૩ | -૩.૭૧ |
| માણસા | ૭૫.૬૭ | ૮૦.૦૫ | -૪.૩૮ |
| કલોલ | ૭૨.૭૩ | ૭૫.૮૭ | -૩.૧૪ |
| **કુલ** | **૭૧.૩૭** | **૭૪.૪૫** | **- ૩.૦૮** |

## જિલ્લામાં ૮ ઈવીએમ ખોટકાયા

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર જિલ્લાની પાંચ બેઠકો પર આજે મતદાન દરમ્યાન ૮ ઈવીએમ ખોટકાઈ જવા પામ્યા હતા. જેમાં દહેગામમાં ૨, ગાંધીનગર (દ)માં ૨ અને માણસામાં ૨ ઈવીએમ ખોટકાયા હતા જ્યારે ગાંધીનગર (ઉ)માં ૧ અને કલોલમાં ૧ ઈવીએમ મતદાન દરમ્યાન ખોટકાઈ જવા પામ્યા હતા. મળતી વિગતો પ્રમાણે દહેગામ બેઠક પર વાસણા સોગઠીના મતદાન મથક-૨ અને જીંડવાના ૫ નંબરના મતદાન મથક પર ઈવીએમ ખોટકાતાં તાત્કાલિક બદલી નાખવામાં આવ્યા હતા.

ગાંધીનગર (દ) બેઠક પર વડોદરાના ૪ નંબરના મતદાન મથક અને સોનારડાના બે નંબરના મતદાન મથક પર ઈવીએમ ખોટકાઈ જતાં તુરત જ બદલી નાખી મતદાન આગળ ધપાવવામાં આવ્યું હતું.

માણસા વિધાનસભા મતવિસ્તારમાં માણસા શહેરના ૧૦ નંબરના બુથ પર તેમજ કનોડિયાના બુથ નં. ૨ માં મતદાન મથક પર ઈવીએમ બગડતાં જ ઝોનલ ઓફિસરોએ તાત્કાલિક તે બદલી આપ્યા હતા.

ગાંધીનગર (ઉ) બેઠક પર પેથાપુરના ૭ નંબરના બુથ પર તેમજ કલોલના સાંતેજના ૪ નંબરના બુથ પર પણ મતદાન મશીનો ક્ષતિગ્રસ્ત થતાં તાત્કાલિક અસરથી બદલવામાં આવ્યા હતા.

વી.વી.પેટને લી કોઈજ ફરિયાદ મળી ન હતી. જો કે ઈવીએમ બ્લ્યુ ટુથ અને વાઈફાઈ સાથે કનેક્ટ થતી હોવાની ફરિયાદો ઉઠી હતી પરંતુ તંત્રએ તે ફરિયાદોને ધ્યાને લેવાનુ ટાળ્યુ હતુ કારણ કે તેમાં તથ્ય જણાયુ ન હતુ. તંત્રએ મતદાન શાંતિપૂર્ણ રીતે સંપન્ન થતાં હાશકારો અનુભવ્યો છે.

## મતગણતરી માટે બે નિરીક્ષકો નિમાયા

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર જિલ્લાની વિધાનસભાની પાંચ બેઠકો માટેની મતગણતરી ૧૮મીએ હાથ ધરાવાની છે. આ મતગણતરીની કામગીરી માટે ચૂંટણીપંચે વધુ બે નિરીક્ષકોની નિમણુંક કરી છે.

મતગણતરી દરમ્યાન પંચના ત્રણ સામાન્ય નિરીક્ષકો અને બે નવા નિમાયેલા ખાસ નિરીક્ષકો પણ હાજર રહેશે અને તે મત ગણતરીની કામગીરી અંગે પોતાનો અહેવાલ પંચને આપશે.

મત ગણતરી માટે કે.એસ. મંજુનાથન્ અને વિશાલ ગુપ્તાની નિરીક્ષક તરીકે નિમણુંક કરવામાં આવી છે. આ બન્ને નિરીક્ષકો ૧૭મી સુધીમાં ગાંધીનગર આવી પહોંચશે.





ભાજપના દિગ્ગજોનું મતદાન - ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ અમિત શાહએ પરિવાર સાથે અને પક્ષના વરિષ્ઠ નેતા અને પૂર્વ નાયબ વડાપ્રધાન લાલકૃષ્ણ અડવાણીએ પણ અમદાવાદ ખાતે મતદાન કરી રાષ્ટ્રીય કર્તવ્ય અદા કર્યુ હતું...

## શિક્ષિત ગાંધીનગર શહેરમાં ૧.૭૨ લાખ લોકોએ મત આપ્યો નહીં

ગાંધીનગર, તા.૧૪

ગુજરાતની ચૂંટણીમાં મતદાનના આંકડા જોતાં આદિવાસી વિસ્તારમાં ૧૦૦માંથી ૮૦ લોકો મત આપવા જાય છે જ્યારે સુશિક્ષિત ગાંધીનગરમાં આ તફાવત બહું મોટો છે. આ સ્થિતિ બદલવાની જરૂર છે, કેમ કે શિક્ષિત લોકો મત આપવા જતા નથી અને અશિક્ષિત લોકોને રાજકીય પાર્ટીઓ ભરમાવી જાય છે.

ગાંધીનગર શહેરની બે બેઠકોમાં કુલ ૫.૩૭ લાખ મતદારો છે જે પૈકી ૩.૬૫ લાખ લોકોએ તેમનો મત આપ્યો છે. બાકીના ૧.૭૨ લાખ લોકો મત આપ્યા વિના ચૂંટણીનો તમાશો જોયો છે. આપણી રાજકારણ પ્રત્યેની આભડછેટના કારણે ક્રિમિલન લોકો ચૂંટણી જીતી જાય છે.

ગાંધીનગરની પાંચ બેઠકોમાં સરેરાશ ૭૧.૩૮ ટકા મતદાન નોંધાયું છે, એટલે કે ૧૧,૭૫,૫૯૪ મતદારો પૈકી ૮,૩૯,૦૨૧ મત પડ્યા છે. એટલે કે ગાંધીનગર જિલ્લામાં ૩,૩૬,૫૩૭ મતદારોએ મતદાન કર્યું નથી.

જિલ્લામાં કુલ પાંચ બેઠકો આવેલી છે. આ પાંચ પૈકી માણસામાં સૌથી વધુ ૭૫.૬૭ ટકા મતદાન થયું છે. બીજાક્રમે ૭૨.૭૩ ટકા સાથે કલોલ મતવિસ્તાર આવે છે. દહેગામમાં પણ ૭૨.૧૨ ટકા મતદાન છે.

જ્યારે ગાંધીનગર દક્ષિણમાં ૬૯.૯૧ ટકા મત પડ્યા છે અને ઉત્તરમાં ૬૭.૩૬ ટકા મત નોંધાયા છે. રાજ્ય ચૂંટણી પંચના ફાઈલન આંકડા પ્રમાણે સમગ્ર જિલ્લાનું મતદાન ૭૧.૩૭ ટકા થયું છે.

## ભાજપ સરકાર આવશે તો હાર્દિકનું ભાવિ ડામાડોળ

ગાંધીનગર, તા.૧૪

ગુજરાતમાં જો ફરી એકવાર ભાજપની સરકાર આવશે તો હાર્દિક પટેલનું ભાવિ ડામાડોળ થઈ શકે છે. રાજ્યમાં એક્ઝિટ પોલ જેવા પરિણામ આવ્યા તો હાર્દિક પટેલ જ નહીં, ઓબીસી નેતા અલ્પેશ ઠાકોર અને દલિત આગેવાન જીજ્ઞેશ મેવાણીના સપનાં પણ રોળાઈ શકે છે. આ ત્રણેય યુવાનોની ઉગતી રાજકીય કારકિર્દી પર અલ્પવિરામ મૂકાઈ શકે છે.

ગુજરાતમાં ૧૮મી ડિસેમ્બરે મત ગણતરી અને પરિણામ જાહેર થવાનું છે. આ પરિણામ જો કોંગ્રેસની ફેવરમાં આવ્યું અને રાજ્યમાં કોંગ્રેસની સરકાર બનતી હશે તો આ ત્રણેય યુવાનો કોંગ્રેસમાં સુપર પાવર બની શકે છે. હાર્દિક પટેલના ઈશારા પ્રમાણે તે આગામી લોકસભા ૨૦૧૭માં ઝંપલાવી શકે છે, પરંતુ જો ભાજપની સરકાર બની તો હાર્દિકની જેલયાત્રા ફરી શરૂ થવાના ચાન્સિસ જોવા મળે છે.

ગુજરાતમાં છેલ્લા ૨૨ વર્ષથી ભાજપની સરકાર શાસન કરે છે. રાજ્યના મુખ્યમંત્રી વિજય રૂપાણીની કસોટી થવાની છે અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીની શાખ દાવ પર લાગેલી છે. આ ચૂંટણીની બીજી ઈફેક્ટ એ થશે કે- જો કોંગ્રેસની સરકાર આવશે તો મોદી માટે ૨૦૧૯ની વૈતરણી કઠીન બની શકે છે પરંતુ જો ભાજપની સરકાર બનશે તો ૨૦૧૯માં ફરી પાંચ વર્ષ મોદી પાવર આવી શકે છે.

બીજી તરફ કોંગ્રેસના અધ્યક્ષપદે જેમની વરણી થઈ છે તે રાહુલ ગાંધી ગુજરાતની ચૂંટણીમાં પાકટ રાજકારણી તરીકે ઉભરી રહ્યાં છે પરંતુ નસીબ તેમને યારી આપતું નથી. ગુજરાતમાં જો કોંગ્રેસ ચૂંટણી જીતી જશે તો રાહુલ ગાંધી નેશનલ લેવલે તેમની ઈમેજને વધારે મજબૂત બનાવી શકશે અન્યથા તેમની ઉગતી કારકિર્દીમાં ગુજરાત આડખિલી બન્યું છે તેમ માની શકાય છે.

## ગુજરાતે પુનઃ વિકાસની રાજનીતિ સ્વીકારી : રૂપાણી

અમદાવાદ,તા. ૧૪

બીજા તબક્કાનું મતદાન પૂર્ણ થયા બાદ મુખ્યમંત્રી વિજય રૂપાણી અને પ્રદેશ અધ્યક્ષ જીતુભાઈ વાઘાણીએ આજે ભાજપ મિડિયા સેન્ટર ખાતે સંયુક્ત પત્રકાર પરિષદ સંબોધી હતી. મુખ્યમંત્રી જણાવ્યું હતું કે, આજે ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણીઓના મતદાનનો બીજો તબક્કો પૂર્ણ થયો છે. ગુજરાતન જનતાએ ખુબ જ ઉત્સાહ અને ઉમંગ સાથે ભારે સંખ્યામાં મતદાન કરીને લોકશાહીના પર્વની ઉજવણી કરી છે તે બદલ જનતા જનાર્દનનો આભાર માન્યો હતો. બધા જ એક્ઝિટ પોલના સર્વેમાં ભાજપની સરકાર સ્પષ્ટપણે બની રહી છે તેવા સર્વે આવી રહ્યા છે. રૂપાણીએ વધુમાં જણાવ્યું હતું કે, ગુજરાતે આજે ફરી એકવાર વિકાસની રાજનીતિને સ્વીકારીને વર્ગ-વિગ્રહ, જાતિવાદ, વંશવાદને જાકારો આપ્યો છે. ગુજરાતની પ્રજાએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીની નીતિઓને સમર્થન આપ્યું છે. કોંગ્રેસ આ ચૂંટણીઓમાં હારી ચુકી છે, માટે પાણી પહેલા પાળ બાંધવા સ્વરુપે ક્યારેક ભાજપ પર આક્ષેપો કરે છે તો ક્યારે ચૂંટણી કમિશન પર આક્ષેપો કરે છે.


ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ
કંપનીના અધિકૃત વિક્રેતા
BRIDGESTONE
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા
ગ્રાફિકસ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN®
ashirvad
BENELAVE™
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com